આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૪૪ | ૩ ઓગષ્ટ, ૨૦૧૩, શનિવાર; અષાઢ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગર શહેર વરસાદમાં તરબતર

## ભરબપોરે અંધકાર છવાયો : આકાશ ઘનઘોર બન્યું : ગાજ-વીજ સાથે વરસાદી ઝાપટું : નિચાણવાળા વિસ્તારો પાણીથી છલકાયા

ગાંધીનગર, તા.૨

કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલા આકાશમાંથી ધોધમાર વરસતા વરસાદનો નઝારો શુક્રવારે ગાંધીનગરાએ માણ્યો હતો. લગભગ એક કલાક સુધી ધોધમાર વરસાદ વરસતા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. જો કે ધાર્યા મુજબ વરસાદ પડયો ન હતો અને દિવસ દરમિયાન ૧૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

આ વર્ષે મેઘરાજાએ ગુજરાત પર વિશેષ મહેરબાની કરી હોય તેમ લાગી રહ્યું છે. હજુ તો અડધુ ચોમાસું ગયું છે ત્યાં તો રાજયની મોટાભાગની નદીઓમાં ઘોડાપુર આવ્યા છે. દક્ષિણ ગુજરાતના બધા જ બંધો ભયજનક સપાટી સુધી ભરાઈ ગયા છે. ગાંધીનગરમાં ભલે અત્યાર સુધી ખુબ વરસાદ પડયો ન હોય પરંતુ વરસાદ સંતોષકારક તો છે જ. છેલ્લા ઘણા દિવસોથી શહેરમાં વાદળો ઘેરાયેલા છે અને ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે પરંતુ શુક્રવારે બપોરે જે રીતે આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયું હતું તેવું ઘણા દિવસો બાદ વાતાવરણ સર્જાયું હતું. બપોરે બે વાગ્યા પછી તો સમગ્ર શહેરમાં ધોધમાર વરસાદ શરૂ થઈ ચુકયો હતો. જે પ્રમાણે આકાશ ઘેરાયેલું હતું તે જોતાં સૌ કોઈ ભયગ્રસ્ત થઈ ગયા હતા. લગભગ એક કલાક સુધી ધોધમાર વરસાદ વરસ્યો હતો. ખુબ તેજ ગતિથી વરસાદ વરસતા શહેરમાં ઠેકઠેકાણે પાણી ભરાઈ ગયા હતા. ચ રોડ અને ઘ રોડ પર પણ પાણી ભરાયા હતા. ઘ-૫, ઘ-૬, જુના સેકટરના વિસ્તારોમાં કેડસમા પાણી ભરાઈ ગયા. ધોધમાર વરસાદના કારણે ઘણા લોકો રસ્તામાં ફસાઈ ગયા હતા. જો કે સાડા ત્રણ વાગ્યાની આસપાસ વરસાદ ધીમો પડતા ધીમે ધીમે પાણી ઓસર્યા હતા.

બપોરે ધોધમાર વરસાદ પડયો તે પહેલા ગઈ કાલે રાત્રે શહેરમાં ધીમી ધારે દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. તે પછી સવારે આકાશ ચોખ્ખું થયું હતું. અને તડકો પણ નીકળ્યો હતો. તડકો નીકળતા ગૃહિણીઓને હાશ થઈ હતી. જો કે ગૃહિણીઓને વધુ સમય રાહત મળી ન હતી અને બપોરે ધોધમાર વરસાદ તુટી પડયો હતો.

ગઈ કાલે રાત્રે એકધારો વરસાદ પડતા ૩૪ મી.મી. વરસાદ નોંધાયો અને દિવસે ૧૨ મી.મી. વરસાદ પડયો હતો. આમ છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૪૬ મી.મી. વરસાદ શહેરમાં નોંધાયો હતો. આ સાથે મૌસમનો કુલ વરસાદ ૫૬૪ મીમી. સુધી પહોંચ્યો છે. બપોરે તડકો નીકળતા આજે મહત્તમ તાપમાન ૩૧.૫ ડિસે. નોંધાયું હતું. જયારે લઘુત્તમ તાપમાન ૨૬.૦ ડિ.સે. નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૯૬ ટકા અને સાંજે પણ ૯૬ ટકા નોંધાયું હતું.

# સાબરમતી બે કાંઠે

### સાબરકાંઠામાં સારા વરસાદને કારણે નદીમાં પાણીની આવક : બે કાંઠે વહેતી નદી જોવા નગરજનો અને ગ્રામજનો ઉમટી પડયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાની મુખ્ય નદી તેમજ પાટનગરના ગોદરેથી પસાર થતી સાબરમતી નદી આજે બે કાંઠે વહેતી થતાં તેને માણવા નગરજનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

સાબરકાંઠા જિલ્લામાં તથા ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે નદીમાં પાણીની આવક થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી આ પાણી નદીમાં આવતાં નદી બે કાંઠે વહેતી જોવા મળી હતી. નદીમાં પાણીની આવક થતાં થોડા દિવસો પહેલાં વહેણ જોવા મળ્યું હતું, પરંતુ છેલ્લા ત્રણ દિવસથી સતત વરસાદી માહોલ ઉત્તર ગુજરાતમાં છવાયેલો હોવાથી પાણી નદીમાં આવ્યું હતુ.

નદીમાં આજે બપોર બાદ પાણીની આવકમાં સારો એવો વધારો થયો હતો અને સાંજે પાંચ વાગ્યાની આસપાસ તો નદી બે કાંઠે વહેતી જોવા મળી હતી.

સાબરમતી નદી બે કાંઠે થઈ હોવાના સમાચારો નદી કિનારાના ગામો અને ગાંધીનગર શહેરમાં વાયુવેગે પ્રસરી જવા પામ્યા હતા. નદી બે કાંઠે થતાં જ નગરજનો નદીને માણવા સે. ૩૦ સર્કલ નજીકના બ્રીજ પર મોટી સંખ્યામાં પહોંચ્યા હતા.

દરમ્યાન આજે ધરોઈ ડેમમાં પણ પાણીની સપાટીમાં સારો એવો વધારો થયો છે. ડેમની સપાટી સાંજે ૬ વાગે ૬૦૨ ફૂટ નોંધાઈ હતી અને પ્રતિ સેંકડ એક હજાર ક્યુસેક પાણીની આવક જણાઈ હતી. ધરોઈ ડેમમાં પણ પાણીની આવક થતાં આસપાસના પંથકમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

ગાંધીનગર શહેરના ગોદરેથી પસાર થતી સાબરમતી નદીમાં પણ ગયા વર્ષે ધરોઈ બંધમાંથી પાણી છોડતાં બે કાંઠે વહેતી જોવા મળી હતી. નદીમાં પાણી આવતાં જિલ્લાના જળના સ્તર ઉંચે આવે છે.

# જિલ્લામાં મેઘ મહેર યથાવત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં મેઘ મહેરનો દોર યથાવત રહેવા પામ્યો છે. આજે જિલ્લાના દહેગામ તાલુકાના સાંપા-રામપુર ગામે વીજળી પડવાથી એક મહિલાનું મોત નીપજયું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સિઝનનો ૬૫ ટકા જેટલો વરસાદ થઈ ચુકયો છે.

છેલ્લા એક પખવાડિયાથી પણ વધુ સમયથી સતત વરસાદી વાતાવરણનો દોર આજે દિવસે યથાવત રહ્યો હતો અને દિવસ દરમિયાન જિલ્લાના ચારેય તાલુકામાં હળવાથી ભારે વરસાદના ઝાપટાં થતાં દિવસ દરમિયાન સરેરાશ ૧ થી સવા ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

ગઈકાલ રાતથી શરૂ થયેલો વરસાદ આજે સવારે ૮ વાગ્યા સુધીમાં સમગ્ર જિલ્લામાં સરેરાશ બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જિલ્લા કંટ્રોલરૂમના જણાવ્યાનુસાર આજે સવારે ૮ વાગ્યા સુધીમાં દહેગામમાં ૨૦ મી.મી., ગાંધીનગરમાં ૩૩ મી.મી., કલોલમાં ૩૦ મી.મી અને માણસામાં ૫૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. આજે દિવસ દરમિયાન પણ માણસા, ગાંધીનગર અને દહેગામમાં વરસાદના હળવા અને ભારે ઝાપટા નોંધાયા હતા.

### દહેગામના સાંપા-રામપુર ગામે વિજળી પડતાં મહિલાનું મોત

દહેગામ તાલુકાના સાંપા-રામપુરા ખાતે વીજળી પડતાં ૨૦ વર્ષીય એક મહિલા નામે કૈલાસબેન બાબુજી ઠાકોરનું અવસાન નિપજયું છે.

જિલ્લામાં સતત વરસાદી વાતાવરણ છવાયેલું રહેતા ખેડૂતો પણ ચિંતાતુર બન્યા છે. અને દિવેલા તેમજ ફેર રોપણીના પાકોના વાવેતરમાં વિલંબ થશે તે સ્પષ્ટ બની ગયું છે. સતત વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પણ પાણીની નવી આવક વધવા પામી છે.

ચોમાસાના પ્રથમ બે માસમાં જ જિલ્લામાં ૬૬ ટકા કરતાં વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ માણસામાં સિઝનનો ૮૨ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. આ પછી કલોલમાં ૬૭ ટકા જેટલો, દહેગામમાં ૬૪ ટકા જેટલો અને ગાંધીનગરમાં ૫૦ ટકા કરતાં પણ ઓછો વરસાદ થયો છે.

જિલ્લામાં સતત વરસાદી માહોલને કારણે પાણીજન્ય અને વાહકજન્ય રોગોનો ભય પણ ઉભો થવા પામ્યો છે. કલોલ તાલુકાના ચાંદીસણા ગામે તળાવમાં પાણીની નવી આવક થતાં તળાવની માછલીઓને ઓકિસજનનું પ્રમાણ ઘટતાં મોટા ભાગની માછલીઓ મૃત્યુ પામી હતી જે ઉલ્લેખનીય છે.

### ભારે વરસાદની આગાહી : તંત્ર સાબદું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદ થવાની આગાહી હવામાન ખાતાએ કરતાં જિલ્લાતંત્રે તમામ તાલુકા મથકોએ તંત્રને સાબદા રહેવા માટે એલર્ટ કરી દીધા છે.

આજે સાંજે જિલ્લાતંત્રને આ અંગેનો સંદેશો મળ્યો હતો. આજે દિવસ દરમ્યાન પણ જિલ્લામાં હળવાથી ભારે વરસાદના ઝાપટાં થયા હતા. જો કે વરસાદ ખુબજ ઘેરાયેલો છે.

# નર્મદામાં ઘોડાપૂર : હાઈએલર્ટ

### ભરૂચ, નર્મદા, વડોદરાના જિલ્લાના ૧૦૭થી ગામને એલર્ટ કરાયા : ભરૂચ-નર્મદામાં તમામ સરકારી અધિકારીઓની રજાઓ રદ્દ કરવામાં આવી પ્રચંડ પ્રવાહના લીધે નર્મદા નદી ગાંડીતૂર બની :તંત્ર દ્વારા સાવચેતીના પગલા

અમદાવાદ, તા.૨

નર્મદા નદીમાં ઘોડાપૂરના પરિણામસ્વરૂપે વિકટ સ્થિતિ આજે સર્જાઈ ગઈ હતી. સાવચેતીના પગલારૂપે હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યુ હતુ. ભરૂચ શહેર અને અન્ય કાઠાના ગામોમાથી લોકોને સાવચેતીના પગલારૂપે અન્યત્ર ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત ભરૂચ અને નર્મદામાં તમામ સરકારી અધિકારીઓની રજા હાલ પૂરતી રદ કરવામાં આવી છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદાડેમના ઉપરવાસમાં મધ્યપ્રદેશમાં ઘોડાપૂરના કારણે ત્રણ ડેમમાંથી એક સાથે ૧૨.૫૨ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવતા અત્યાર સુધીના ઈતિહાસમાં નર્મદા ડેમે ૧૨૯.૨૦ મિટરની વિક્રમજનક સપાટી કુદાવી હતી. સાત વર્ષના લાંબા ગાળા બાદ ગોલ્ડન બ્રીજ ખાતે નર્મદા નદીમાં સપાટી વધી જતા દહેશતની સ્થિતિ સર્જાઈ હતી. નર્મદા ડેમમાંથી આઠ લાખ ક્યુસેક પાણી ઓવરફ્લો થઈ નર્મદા નદીમાં ઠલવાતા નદી રૌદ્ર સ્વરૂપમાં આવી



ગઈ છે. નર્મદા નદીએ ભયજનક સપાટી વટાવી લેતા ભરૂચ શહેર સહિત જિલ્લાના તમામ વિસ્તારોમાં પાણી ફરીવળવાની શક્યતા દેખાઈ રહી છે. તંત્ર સાબદું થઈ ગયુ છે. ભરૂચ અને નર્મદા અને વડોદરા જિલ્લાના કલેક્ટરોએ કુલ ૧૦૭ ગામો તેમજ ભરૂચ શહેરના સાત વિસ્તારોને એલર્ટ કર્યા છે.

દરમિયાન રાજયમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન ૧૧૬ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસાવ્યો છે. જેમાં વલસાડ જિલ્લાના ઉમરગામમાં ૧૫૨ મીમી એટલે કે ૬ ઈંચથી વધુ અને સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં ૧૩૦ મીમી, વડોદરા જિલ્લાના સંખેડામાં ૧૩૫ મીમી, દાહોદ જિલ્લાના દાહોદમાં ૧૨૫ મીમી અને વલસાડ જિલ્લાના પારડીમાં ૧૨૧ મીમી મળી કુલ ચાર તાલુકાઓમાં પાંચ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૨-૮-૧૩ના રોજ સવારે ૭:૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમ્યાન જે ૧૧૬ તાલુકાઓમાં વરસાદ થયો છે તેમાં ૨૭ તાલુકાઓમાં બે થી છ ઈંચ વરસાદ અને ૮૯ તાલુકાઓમાં અડધાથી એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જેમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડામાં ૮૨ મીમી, વડોદરા જિલ્લાના છોટા ઉદેપુરમાં ૯૦ મીમી, નસવાડીમાં ૭૫ મીમી, દાહોદ જિલ્લાના લીમખેડામાં ૯૨ મીમી, નર્મદા જિલ્લાના નાંદોદમાં ૭૨ મીમી, તિલકવાડામાં ૯૪ મીમી, વલસાડ જિલ્લાના કપરાડામાં ૮૫ મીમી અને વલસાડમાં ૯૨ મીમી મળી કુલ ૮ તાલુકાઓમાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત વિજાપુરમાં ૬૮ મીમી, હિંમતનગરમાં ૫૩ મીમી, વડાલીમાં ૫૫ મીમી, માણસામાં ૫૫ મીમી, ડભોઈમાં ૫૨ મીમી, જેતપુર

● અનુસંધાન પાન-૭ પર


ગુજરાત સરકારમાં 100% ગેરંટીથી...
Dy.S.P./ DC / મામલતદાર / SO / TDO (વર્ગ 1/2)ની નોકરી મેળવો !
GPSC (વર્ગ 1/2) Dy.S.P. / DC / મામલતદાર / SO / TDO / DR
1350+ સંભવિત જગ્યાઓ
નવી પરીક્ષા પદ્ધતિ મુજબનું સંપૂર્ણ શિક્ષણ
બ્રિલિયન્ટ બેચ-2014
Ph.D. કક્ષાના 19 વર્ષના અનુભવી પ્રાધ્યાપકો દ્વારા શિક્ષણ...
કોઈપણ સ્ટેજે નાપાસ થવાથી ફી* 100% પરતની લેખિત ખાતરી સાથે !
16.8.2013 | 7:30 થી 9:30 | સોમ થી શુક્ર
06.9.2013 | 7:00 થી 9:00 | સોમ થી શુક્ર
કોર્ષમાં સંપૂર્ણ સાહિત્ય FREE
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર- 9537614606, 9537568886
મહેસાણા - 9537614607
ઈકોનોમિક બેચ-2013
GPSC ફી માત્ર ₹ 16,000/-(F) ₹ 18,000/-(M)
કલાર્ક/તલાટી (વર્ગ-3) માસ્ટર કોર્ષ ફી માત્ર ₹ 14,000/-(M) ₹ 11,000/-(F)
PSI 500 જગ્યાઓ ફી માત્ર ₹ 18,000/-
કોન્સ્ટેબલ 4500 જગ્યાઓ ફી માત્ર ₹ 11,000/-
ગુજરાત સરકારમાં ટૂંક સમયમાં ભરતી...!

પેટ્રોલ પંપ માટે સ્ટાફ જોઈએ છે
(૧) પેટ્રોલ - ડીઝલ તથા સી.એન.જી. ગેસ પૂરવા માટે માણસો
: મળો :
બપોરે ૧૧.૦૦ થી ૧.૦૦
સાંજે ૫.૦૦ થી ૭.૦૦
HP વિજય ઓટો મોબાઈલ
પ્લોટ નં. ૧૨, ચ-રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર

Gujarat State Petronet Limited
THE ENERGY LIFELINE OF GUJARAT
Regd Office: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010
Pursuant to Clause 41 of the Listing Agreement, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Tuesday, the 13th August, 2013, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter ended on 30th June, 2013.
For Gujarat State Petronet Limited
sd/-
Place: Gandhinagar
Date: 2nd August, 2013
Deputy General Manager (S&L)

બી.એડ.પ્રવેશ
ચૌધરી કોલેજ ઓફ એજ્યુકેશન (મહિલા બી.એડ)
(બહેનો માટે હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ છે.)

લાભનો અનેરો અવસર!
BEST BUY FESTIVAL
916 હોલમાર્ક ગોલ્ડ જ્વેલરીની ખરીદી પર દર 10 ગ્રામે ₹ 1200/-* સુધીની છૂટ
રીયલ ડાયમંડ જ્વેલરીના ઘડામણ પર 50% ની છૂટ
એ બી જ્વેલર્સ